## હોસ્પિટલ ખબર કાઢી પરત ફરતા વૃદ્ધનું અકસ્માતમાં મોત

સુરતઃ મૂળ અમરેલીના નાનીકુકાવાવ ગામના વતની 64 વર્ષીય નિવૃત્ત કાનજીભાઈ ધુસાભાઈ વડોદરિયા પરિવાર સાથે પાસોદરા પાટિયા પાસે આવેલી બ્રહ્મહંસ રેસિડેન્સીમાં રહેતા હતા. દરમિયાન ગત સાંજે કાનજીભાઈ સરથાણા ખાતેની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ પોતાના સંબંધીને મળવા ગયા હતા. ત્યાંથી બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે લસકાણા ડાયમંડ નગર પેટ્રોલ પંપ પાસે તેમની બાઈક સ્લીપ થતાં ઈજાગ્રસ્ત હાલતમાં સ્થાનિકોએ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, સારવાર દરમિયાન આજે સવારે તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે લસકાણા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ૧ કરોડના મોબાઈલ ફોન કેસમાં આરોપીને હાઈકોર્ટે જામીન આપ્યાં

સુરતઃ ૧ કરોડથી વધુની કિંમતનાં ૩૦૦ મોબાઇલ ફોનના ઓર્ડર લઈને નાણાં વસૂલ્યા હોવા છતાં મોબાઇલ ફોનની ડિલિવરી નહીં કરવાના આરોપની સરથાણા પોલીસ સ્ટેશને નોંધાયેલી ફરિયાદના કેસમાં આરોપી ધનરાજ રાવલને હાઈકોર્ટ દ્વારા જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આરોપી તરફે એડવોકેટ અભિષેક સેઠીયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. બચાવ પક્ષની દલીલો અને કેસના તથ્યોને ધ્યાનમાં લેતાં હાઈકોર્ટ દ્વારા આરોપીને કોઈ નાણાકીય લાભ મળ્યો ન હોવા અંગેનો ઉલ્લેખ કરી આરોપીને જામીન મુકત કરવાનો હુકમ કર્યો હતો.

## લગ્નના ત્રણ મહિનામાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ બિહારના વતની 25 વર્ષીય સુનિલકુમાર સીતારામ પ્રસાદ હાલમાં સચિન તલંગપુર રોડ પર આવેલા કૌશલ પાર્કમાં રહેતો હતો. તે જરી ખાતામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના ત્રણેક મહિના પહેલાં જ લગ્ન થયા હતા. દરમિયાન કાલે રાત્રે તેએ રૂમમાં લોખંડના હુક સાથે ગમછો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો તેમજ તેની પત્ની હાલમાં પિયરમાં હોવાનું જાણવા મળ્યું હતું.

## RTO ઈ-ચલણની બોગસ APK ફાઈલથી હીરા વેપારીના 2.22 લાખ ઉપડી ગયા

સુરતઃ સુરતના અશ્વિનીકુમાર રોડ સ્થિત કમલબાગ સોસાયટીમાં રહેતા અને ખોડીયારનગરમાં હીરાનું કારખાનું ચલાવતા વેપારી ભાવેશભાઈ પાલડીયાએ 2 હજારનું ચલણ હોવાની શંકામાં વોટ્સએપ પર આવેલી RTO ઇ-ચલણની ખોટી APK ફાઇલ ડાઉનલોડ કરી હતી. ગાડીનું ચલણ બતાવ્યા બાદ તે પેજ બંધ થઈ ગયું હતું. જે બાદ સાયબર ઠગોએ વેપારી તથા લિંક કરાયેલા તેમના પરિવારના સભ્યોના બેંક ખાતાની વિગતો મેળવી લીધી હતી. ત્યારબાદ અલગ-અલગ તારીખોએ ટુકડે-ટુકડે બેંક ઓફ ઇન્ડિયાના ખાતાઓમાંથી કુલ ૨,૨૨,૯૪૬ની રકમ સેરવી લીધી હતી. ખાતામાંથી શંકાસ્પદ રકમ કપાઈ જવાની જાણ થતાં વેપારીએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરી ઓનલાઇન ફરિયાદ નોંધાવી હતી અને અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ચેક રિટર્ન કેસમાં રકમની વસૂલાત કરવા કલેક્ટરને કોર્ટનો આદેશ

સુરતઃ વરાછા રોડ પર આવેલી શ્રી આરાધના અર્બન કો.ઓ. ક્રેડિટ સો. લિ. પાસેથી અમરોલીના હીરા વેપારી રાજેશભાઈ કરમશીભાઈ નારોલાએ લોન લીધી હતી. બાકી લેણી રકમની વસૂલાત માટે આરોપીએ રૂ.૧,૮૯,૩૦૬ આપેલો ચેક રિટર્ન થતાં સંસ્થાએ એડવોકેટ રમેશ સાનેપરા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે આરોપીને ૧ વર્ષની સાદી કેદની સજા કરાઈ હતી. આરોપી કોર્ટમાં હાજર ન હોય ચેકની રકમ વ્યાજ સાથે વસૂલવા આરોપી વિરુદ્ધ વોરંટ જારી કરી કલેક્ટરને કલમ-૪૨૧(૩) મુજબ વળતરની રકમ બાકી રહેતી જમીન મહેસૂલની રકમ તરીકે વસૂલ મેળવી આ અદાલતમાં જમા કરાવવી દેવાનો હુકમ કરાયો હતો.

**પોલીસ કમિશનર ઇનચાર્જ હોવાથી અભિપ્રાય અપાતો નથી**

# અશાંતધારોઃ પો.કમિ.ના અભિપ્રાયના અભાવે 800 અરજી 7 માસથી ટલ્લે!

### જૂની મિલકત વેચી, નવા ઘરમાં જવાનાં સપનાં રોળાયાં, નાણાં અટવાતાં ટેન્શન

સુરતઃ સુરતમાં અશાંતધારો કાયદાનું અમલીકરણ નાગરિકોની સુવિધા માટે છે કે સરકારી કચેરીઓની લાલફિતાશાહીનો ભોગ બનાવવા માટે?

અડાજણ, રાંદેર, ગોરાટ, લિંબાયત અને સલાબતપુરા સહિતના વિસ્તારોમાં અસમાન ધર્મ વચ્ચે મિલકતની લે-વેચ માટે કરાયેલી 800થી વધુ અરજીઓ છેલ્લા સાત મહિનાથી મંજૂરીની રાહ જોઈ રહી હોવાની વિગતો સામે આવી છે.

પોલીસ કમિશનર ઈનચાર્જ હોવાને કારણે સત્તાવાર અભિપ્રાય આપી શકાય તેમ ન હોવાની દલીલ આગળ ધરી ફાઈલો અટકાવી રાખી છે. અધિકારીઓની સત્તા અને વહીવટી પ્રક્રિયાની ગૂંચવણ વચ્ચે સામાન્ય નાગરિકો પોતાના જ નાણાં માટે વલખાં મારી રહ્યા છે. સવાલ એ છે કે અધિકારીની નિમણૂક કે સત્તાની અસ્પષ્ટતાની સજા નાગરિકોએ શા માટે ભોગવવી જોઈએ? અશાંતધારા હેઠળ અસમાન ધર્મના પક્ષકારો વચ્ચે મિલકતના સોદામાં પોલીસનો અભિપ્રાય જરૂરી હોવાનું જણાવાય છે.

જોકે, પોલીસ કમિશનર ઈનચાર્જ હોવાથી સત્તાવાર અભિપ્રાય આપવામાં મુશ્કેલી હોવાનું કારણ દર્શાવીને અરજીઓનો નિકાલ થતો નથી. બીજી તરફ, સમાન ધર્મના સોદાઓની અરજીઓને મંજૂરી મળતી હોવાની ચર્ચા વચ્ચે વહીવટી પ્રક્રિયામાં બેવડા માપદંડ હોવાની શંકા ઊભી થઈ છે. ઉચ્ચ કક્ષાએથી સ્પષ્ટ માર્ગદર્શનના અભાવે સમગ્ર પ્રક્રિયા જાણે વહીવટી લકવાનો શિકાર બની છે.

### નવું ઘર બુક કર્યું, પણ જૂના મકાનના પૈસા જ અટવાયા!

કેટલાક પરિવારો નવા મકાનો બુક કરાવી ચૂક્યા છે અને જૂની મિલકતના વેચાણમાંથી મળનારા નાણાંના આધારે ચૂકવણી કરવાનું આયોજન કર્યું હતું. પરંતુ મંજૂરી અટવાતાં જૂના મકાનના સોદાની રકમ મળતી નથી અને નવા મકાનનું પેમેન્ટ કરવું મુશ્કેલ બન્યું છે. પરિણામે, એક તરફ નવી મિલકતની ચૂકવણીની મુદત નજીક આવી રહી છે, તો બીજી તરફ જૂની મિલકતના સોદાનો પણ નિકાલ થતો નથી.

### સાત મહિનાથી જવાબદાર કોણ?

800થી વધુ અરજીઓનો સાત મહિનાથી નિકાલ ન થવો એ માત્ર વહીવટી વિલંબનો મુદ્દો નથી, પરંતુ નાગરિકોના મિલકત સંબંધિત વ્યવહારો અને આર્થિક આયોજનને અસર કરતો ગંભીર પ્રશ્ન છે. પોલીસ કમિશનર ઇનચાર્જ હોવાની સ્થિતિમાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવી કે સક્ષમ અધિકારી અંગે સ્પષ્ટતા મેળવવી એ તંત્રની જવાબદારી છે. તેમ છતાં અરજદારોને રાહ જોવી પડી રહી છે.

## કરવા ચોથ, પતિની પૂજા માટે વિશેષ થાળીની ખરીદી





■ મહિલાઓ પતિના લાંબુ આયુષ્ય માટે કરવા ચોથનું વ્રત કરે છે. ગુરુવાર કરવા ચોથના વ્રત માટે પતિની પૂજા માટે બજારમાં મળતી વિશેષ થાળીઓની ખરીદી મહિલાઓ કરી રહી છે. જેમાં સ્પેશિયલ થાળીથી લઈ કલરફુલ થાળીઓની વધુ ડિમાન્ડ રહે છે. (તસવીરઃ સતીષ જાદવ)

## સત્યમ હોસ્પિ.ના ડો.મુકેશની સજા સેશન્સ કોર્ટે કાયમ રાખી

### પ્રોબેશનનો લાભ મેળવવા કોર્ટમાં અરજી કરતા નામંજૂર થઈ

સુરતઃ પીસી-પીએનડીટી (PC-PNDT) એક્ટના ભંગ અને સોનોગ્રાફીના રેકર્ડમાં ગેરરીતિ કરવા બદલ ટ્રાયલ કોર્ટે ડૉક્ટરને ફટકારેલી સજા સામેની અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા તા. ૬-૭-૨૦૧૨ના રોજ ગોડાદરા વિસ્તારમાં આવેલી સત્યમ હોસ્પિટલના ડૉ. મુકેશ છાજેડની હોસ્પિટલમાં પાડવામાં આવેલા દરોડામાં સોનોગ્રાફી નોંધણી રજીસ્ટર અને 'ફોર્મ-એફ' માં વ્યાપક અનિયમિતતા મળી આવી હતી. આ અંગેની ખાનગી ફરિયાદ ચીફ ડિસ્ટ્રિક્ટ હેલ્થ દ્વારા તાલુકા હેલ્થ ઓફિસર ડો. મનિષકુમાર સિન્હાએ એડવોકેટ મુખ્તીયાર શેખ મારફતે કરી હતી. આ કેસમાં મુળ ફરીયાદી તર્ફે વકીલ મુખ્તિયાર અહમદ શેખ તથા વકીલ યાહ્યા મુખ્તિયાર શેખની ડિપાર્ટમેન્ટ તરફથી નિમણુંક કરવામાં આવી હતી. સુનાવણી પૂર્ણ થયાં બાદ ટ્રાયલ કોર્ટે આરોપી ડૉક્ટરને ૩ માસની સખત કેદ અને રૂ. ૧૦ હજારના દંડની સજા ફટકારી હતી. આ હુકમ સામે આરોપી ડૉક્ટરે સેશન્સ કોર્ટમાં અપીલ કરતાં મૂળ ફરીયાદી તર્ફે વકીલ મુખ્તિયાર અહમદ શેખ તથા વકીલ યાહ્યા મુખ્તિયાર શેખે રજૂઆત કરતાં સેશન્સ કોર્ટે આરોપીની અપીલ ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો હતો. આરોપી તરફથી પ્રોબેશનનો લાભ મેળવવા કોર્ટમાં અરજી આપવામાં આવતા જે અરજીની સામે પણ ફરિયાદી તર્ફે એડવોકેટ યાહ્યા મુખ્તિયાર શેખ અને સરકારી વકીલે વાંધો લેતા પ્રોબેશનની અરજી કોર્ટ દ્વારા નામંજુર કરી આરોપીને જેલમાં મોકલી આપવા હુકમ કરાયો હતો.

## દિવાળીઃ સુરતથી દુબઈ-શારજાહની ફ્લાઈટનો ભાવ રૂપિયા 50 હજાર!

### એર ફ્યુઅલ મોંઘું થયાનું બહાનું કાઢી એરલાઈન્સે ભાડાં વધાર્યાં હોવાનો ટૂર ઓપરેટરોનો આક્ષેપ

સુરતઃ દિવાળી વેકેશન દરમિયાન સુરતથી યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ)ના દુબઈ અને શારજાહ જવા ઈચ્છતા પ્રવાસીઓએ હવાઈ મુસાફરી માટે જંગી ભાડું ચૂકવવાની તૈયારી રાખવી પડશે. એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરતથી દુબઈની દૈનિક ફ્લાઈટ અને સુરતથી શારજાહની સપ્તાહમાં ત્રણ દિવસ ચાલતી ફ્લાઈટની વન-વે ટિકિટનું ભાડું રૂ. 48,000થી રૂ. 50,000 સુધી પહોંચી ગયું છે. દિવાળી વેકેશન દરમિયાન 30 નવેમ્બર, 2026 સુધીના સમયગાળા માટે પણ આટલું ઊંચું ભાડું દર્શાવાઈ રહ્યું છે. પહેલી નવેમ્બરની ટિકિટનું વન-વે ભાડું પણ રૂ. 48,000 નોંધાતાં પ્રવાસીઓમાં ચિંતા ફેલાઈ છે.

સુરતના પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા ટૂર ઓપરેટરોના જણાવ્યા અનુસાર યુએઈ જવા ઈચ્છતા પ્રવાસીઓ માટે હવાઈ મુસાફરીનો ખર્ચ જ પ્રવાસના બજેટ પર ભારે પડી રહ્યો છે. દિવાળી વેકેશન દરમિયાન પ્રવાસીઓની વધતી માંગ વચ્ચે એરલાઈન્સે એર ફ્યુઅલ મોંઘું થયાનું કારણ આગળ ધરી સુરતથી યુએઈનાં બંને શહેરો માટેનાં ટિકિટ ભાડાંમાં ભારે વધારો કર્યો છે. જોકે, વન-વે ટિકિટના રૂ. 48,000થી રૂ. 50,000 સુધીના ભાડાને કારણે પ્રવાસીઓ માટે દુબઈ કે શારજાહની મુસાફરી મોંઘી બની છે. વેકેશન દરમિયાન આ ભાડાંમાં ઘટાડો થશે કે પછી યુએઈની મુસાફરી માટે આટલી મોટી રકમ ચૂકવવી પડશે.

### ટિકિટ કરતાં વિદેશ પ્રવાસનાં પેકેજ સસ્તાં!

પ્રવાસન વ્યવસાય સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે સુરતથી દુબઈ કે શારજાહની વન-વે ટિકિટના ભાડા જેટલી રકમમાં અન્ય દેશોનાં પ્રવાસ પેકેજ ઉપલબ્ધ થવા એ હવાઈ ભાડાંની ઊંચી સપાટી દર્શાવે છે. શ્રીલંકા, મલેશિયા અને ઉઝબેકિસ્તાન જેવા દેશોમાં પ્રવાસ માટે પેકેજની તુલનામાં યુએઈની માત્ર એક તરફની ટિકિટનો ખર્ચ વધુ આકર્ષક વિકલ્પોને જન્મ આપી રહ્યો છે.

## સેન્ટ માર્ક પબ્લિક સ્કૂલના શિક્ષકોને પગાર માટે વલખાં

### દિવાળી વેકેશનનો પગાર રોકવાની આશંકા વચ્ચે સમસ્ત શૈક્ષણિક સ્ટાફની DEOને રજૂઆત

સુરતઃ દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે સુરતની સેન્ટ માર્ક પબ્લિક સ્કૂલના શૈક્ષણિક સ્ટાફને પગાર માટે રાહ જોવાનો વારો આવ્યો છે. શાળા સંચાલકો દ્વારા ગત મહિનાનો પગાર હજુ સુધી ચૂકવવામાં આવ્યો ન હોવાનો આક્ષેપ કરી સમસ્ત શૈક્ષણિક સ્ટાફે જિલ્લા શિક્ષણાધિકારીને લેખિત અરજી કરી છે. ચાલુ મહિનાનો પગાર પણ સમયસર મળશે કે નહીં તે અંગે ચિંતા વ્યક્ત કરવાની સાથે દિવાળી વેકેશનનો પગાર રોકવામાં આવે તેવી આશંકા સાથે શિક્ષકોએ પગાર તાત્કાલિક મળી રહે તેવી રજૂઆતમાં કરી છે.

શૈક્ષણિક સ્ટાફ રજૂઆત મુજબ, શાળા સંચાલકો દ્વારા ગત મહિનાનો પગાર ચૂકવવા માટે અગાઉ ત્રણ વખત મુદત આપવામાં આવી હતી. પ્રથમ ૧૦મી, ત્યારબાદ ૧૫મી અને પછી ૨૫મી તારીખે પગાર ચૂકવવાની ખાતરી આપવામાં આવી હોવા છતાં ચૂકવણી થઈ નથી. બીજી તરફ, સંચાલક મંડળ દિવાળી વેકેશનનો પગાર ન ચૂકવવા અંગે વિચારણા કરી રહ્યું હોવાની માહિતી વિશ્વસનીય સૂત્રો પાસેથી મળી હોવાનું પણ અરજીમાં જણાવાયું છે. જોકે, આ અંગે સંચાલક મંડળનું વલણ સ્પષ્ટ થયું નથી. શિક્ષકોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, પગારની અનિશ્ચિતતાને કારણે ઘરખર્ચ ચલાવવા અને દિવાળીના તહેવારોની ઉજવણી કરવામાં મુશ્કેલી પડી રહી છે.

## એકલી રહેતી મહિલાને ડિજિટલ એરેસ્ટ કરી 73 લાખ પડાવી લેવાયા

### અડાજણની મહિલાને PFI અને મની લોન્ડરિંગના કેસમાં ફસાવવાની ધમકી આપી હતી

સુરતઃ અડાજણ વિસ્તારમાં રહેતા અને ઘરકામ કરતાં ૫૫ વર્ષીય મહિલા સાથે ડિજિટલ અરેસ્ટનું અત્યંત ગંભીર અને ચોંકાવનારું કૌભાંડ સામે આવ્યું છે.

અડાજણના હનીપાર્ક રોડ પર હરિ દર્શન રો હાઉસમાં એકલા રહેતાં દીપિકાબેન મુકેશકુમાર મોદી (ઉ.વ.૫૫)ને ગત 30 સપ્ટેમ્બરના રોજ અજાણ્યા ફોન કરનારે પોતે દીપિકાબેનના દસ્તાવેજોનો દુરુપયોગ કરી નાસિક ખાતેથી ગેરકાયદે સિમ કાર્ડ મેળવવામાં આવ્યા હોવાનું અને તે નંબરનો ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઉપયોગ થયો હોવાનું જણાવી તેમને વિવિધ તપાસ એજન્સીઓના નામે વોટ્સએપ પર બનાવટી લેટરો, નોટિસો અને એફિડેવિટ મોકલીને મહિલાને માનસિક દબાણ હેઠળ લાવી દેવામાં આવ્યા હતા. આ મામલે તેમણે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### ઠગોએ પ્લાનિંગ કરીને ડિજિટલ એરેસ્ટ કર્યા

ઠગોએ દાવો કર્યો હતો કે, દીપિકાબેનના નામે ૨૦ જેટલાં સિમ કાર્ડ અને ૨૪૭ એટીએમ કાર્ડ જારી થયાં છે, જેનો ઉપયોગ પી.એફ.આઈ.ના મની લોન્ડરિંગ અને ટેરર ફંડિંગ જેવા ગંભીર ગુનાઓમાં થયો છે. . ઠગોએ વોટ્સએપ વિડીયો કોલ દ્વારા સતત ૨૧ દિવસ સુધી નજર રાખીને તેમની પળેપળની માહિતી મેળવી હતી.

### સુપ્રીમ અને RBIના નામે આદેશો અને નોટિસો

ઠગોએ સુપ્રીમ કોર્ટના નામે Security Deposit Committee Order તૈયાર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ઇડી અને આરબીઆઈના નામે નકલી રસીદો પણ મોકલવામાં આવતી હતી.

### FD, ગોલ્ડ લોન મેળવી રૂ.૭૩ લાખ પડાવ્યા

દીપિકાબેનને તેમની ફિક્સ્ડ ડિપોઝિટ તોડવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. ઉપરાંત સોનાના દાગીના ગીરો મૂકી ગોલ્ડ લોન મળીને ૭૩ લાખની રકમ બંદારા હિલ્સ હૈદરાબાદ અને અન્ય સ્થળોના શંકાસ્પદ કરંટ ખાતાઓમાં ટ્રાન્સફર કરાવડાવી લીધી હતી.

## સુરત મનપા ક્લાર્ક વર્ગ-૩ પરીક્ષા લેવાઈ

સુરતઃ સુરત મનપાની મેગા ભરતી અંતર્ગત ગત 11 ઓક્ટોબરે સુરત, અમદાવાદ અને રાજકોટમાં ક્લાર્ક શ્રેણી-૩ની પરીક્ષા લેવાઈ હતી. આ પરીક્ષામાં 66.07 ટકા એટલે કે 75,963 ઉમેદવારએ હાજરી આપી હતી. ઉમેદવારોને વાંધા રજૂ કરવા માટે 24 ઓક્ટોબર સુધીની મુદત અપાઈ હતી, જે દરમિયાન પાલિકા સમક્ષ ઓનલાઈન પોર્ટલ દ્વારા કુલ 750 વાંધા રજૂ થયા છે.કુલ 426 ઉમેદવારએ જુદા જુદા પ્રશ્નો અને તેના જવાબો અંગે પોતાની ક્વેરી કે મૂંઝવણો રજૂ કરી છે. કુલ 100 પ્રશ્નમાંથી 58 પ્રશ્ન માટે આશરે 750 જેટલા વાંધાઓ આવ્યાં છે, જેમાં એક જ પ્રશ્નના જવાબ માટે 262 ઉમેદવારએ, અન્ય એક પ્રશ્ન માટે 102 ઉમેદવારએ અને બીજા એક પ્રશ્ન માટે 60 ઉમેદવારએ વાંધો રજૂ કર્યો છે. હવે પાલિકા તંત્ર દ્વારા પ્રોવિઝનલ આન્સર કી અને વાંધા રજૂ થયા હોય તેવા 58 પ્રશ્નનું ક્રોસ વેરીફિકેશન કરાવીને ટૂંક સમયમાં ફાઈનલ આન્સર કી જાહેર કરાશે.

## 'પોર્ટર'ના બોયે પાર્સલમાં સોનાની ચેઈન બદલી સ્ટીલની નાંખી દીધી

### પાર્લે પોઈન્ટના પ્રખ્યાત જ્વેલર્સમાંથી મહિધરપુરા મોકલાયેલી રૂપિયા ૧.૬૪ લાખની કીમતી સોનાની ચેઇન સેરવી

સુરત : પાર્લેપોઈન્ટ ખાતે જ્વેલરીની દુકાન ચલાવતા વેપારી સાથે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. 'પોર્ટર' એપ્લિકેશન મારફતે દુકાનમાંથી કારીગર પાસે સોનાની ચેઈન મોકલતી વેળાએ ડિલિવરી બોયે જ રસ્તામાં અસલ સોનાની ચેઈન ચોરી કરીને તેની જગ્યાએ નકલી સ્ટીલની ચેઈન મૂકી દીધી હોવાનો પર્દાફાશ થયો છે.

કતારગામ વેડ ગુરૂકુલ રોડ પર આવેલા પ્રમુખ સ્વામી સર્કલ પાસેના 'શુભ લક્ષ્મી રેસિડેન્સી'માં રહેતા ધવલ ભવાનભાઈ સાચપરા (ઉ.વ. ૩૮) પાર્લેપોઈન્ટ સ્થિત કેનોપસ મોલના પહેલા માળે દુકાન નંબર ૧૨૦-બી માં 'શ્રી ક્રિષ્ના જ્વેલર્સ' નામે માતા સાથે ભાગીદારીમાં જ્વેલરીની દુકાન ચલાવે છે. તેમની દાગીના બનાવટ અને ફેરફારની કામગીરી મહિધરપુરા નગર શેરી ખાતે કારીગરો દ્વારા કરવામાં આવે છે. ગત ૨૦ ઓક્ટોબરે તેમની દુકાને એક ગ્રાહકે સોનાની ચેઈન ખરીદી થોડો ફેરફાર કરવા માટે આપી ગયા હતા. બીજા દિવસે ધવલભાઈ મહિધરપુરા કારીગરો પાસે ગયા ત્યારે તેમને યાદ આવતા તેમણે દુકાને હાજર પોતાના પિતા સાથે ટેલિફોનિક વાત કરીને અંદાજે ૧૧.૩૩૦ ગ્રામ વજનની રૂ.૧,૬૪,૩૦૦ ની કિંમતની સોનાની ચેઈનનું પાર્સલ મહિધરપુરા પહોંચાડવા કહ્યું હતું. વેપારીએ 'પોર્ટર' એપ મારફતે સ્કૂટર (નં. GJ-05-LE-2244) લઈને આવેલા ધ્રુવ રમેશકુમાર વોરા નામના ડિલિવરી બોયને પાર્સલ સોંપવા માટે બુક કરાયું હતું. ડિલિવરી બોય મહિધરપુરા નગર શેરી ખાતે પહોંચતા ધવલભાઈએ રોડ પર નીચે જઈને તેની પાસેથી પાર્સલ સ્વીકારી લીધું હતું. પાર્સલ થોડું ખુલ્લું હોવાની શંકા જતા તેમણે તુરંત જ ખોલીને જોતા અંદરથી સોનાની ચેઈનને બદલે સિલ્વર કલરની સ્ટીલની ચેઈન નીકળી હતી! આ મામલે વેપારીએ તાત્કાલિક 'પોર્ટર' કંપનીમાં ફરિયાદ કરતાં કંપનીએ તે ડિલિવરી બોયનું આઈડી હોલ્ડ કરી દીધું હતું. ઉમરા પોલીસ મથકે સોનાની ચેઈનની ચોરી કરી છેતરપિંડી આચરનાર ડિલિવરી બોય ધ્રુવ વોરા વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

**ધારાસભ્ય કુમાર કાનાણીનો પત્ર**

## 'ભેળસેળીયાઓને માનવ વધનો ગુનો નોંધી જેલમાં નાંખો'

### તહેવારોમાં મીઠાઈના સેમ્પલ લેવાનું નાટક બંધ કરો, રિપોર્ટ આવે ત્યાં સુધીમાં તો જનતા ઝેરીલી મીઠાઈ ખાઈ ચૂકી હોય છે!

સુરતઃ સુરતના વરાછા રોડના ભાજપના ધારાસભ્ય કિશોર કાનાણીએ આરોગ્ય તંત્ર અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ભ્રષ્ટ કાર્યપ્રણાલીની આકરી ઝાટકણી કાઢી છે.

કિશોર કાનાણીએ આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાને લખેલા પત્રમાં આક્રોશ ઠાલવતા લખ્યું છે કે, મંત્રીઓની ઓચિંતી મુલાકાતો અને આદેશો છતાં બજારમાં કોઈ સુધારો થયો નથી. તહેવારો ટાણે મીઠાઈ અને ફરસાણના સેમ્પલ લેવાની સરકારી કામગીરી માત્ર એક 'નાટક' છે. લેબોરેટરીમાંથી સેમ્પલનો રિપોર્ટ આવે ત્યાં સુધીમાં તો ગ્રાહકો એ ભેળસેળવાળો માલ ખાઈને બીમાર પણ પડી ગયા હોય છે. તંત્ર કરતાં તો પોલીસ વધુ સારું કામ કરી રહી છે. પત્રમાં સૌથી મોટો સનસનાટીભર્યો ધડાકો કરતાં ધારાસભ્યે જણાવ્યું છે કે, એક હોસ્પિટલમાં હજુ સુધી ભૂગર્ભ પાણીની ટાંકી બની જ નથી, છતાં ભ્રષ્ટ અધિકારીઓએ બિલ્ડર-કોન્ટ્રાક્ટર સાથે મિલીભગત કરીને ૫૦ લાખ રૂપિયાનું બિલ પાસ કરી ચૂકવણું પણ કરી દીધું છે! આ સીધો ભ્રષ્ટાચાર દર્શાવે છે કે સરકારી બાબુઓને કાયદાનો કોઈ ડર જ રહ્યો નથી.

## સગી માસીના ભાઈએ જ દીકરીના લગ્નનું સોનું પડાવ્યું

### ૨૧૦ ગ્રામ સોનું ઉછીનું લઈ ૧૫૯ ગ્રામ સોનું પરત ન આપનાર ભેજાબાજ સામે ગુનો નોંધાયો

### ધંધો આગળ વધારવાના બહાને સોનું મંગાવીને ઠગાઈ આચરી

સુરત : સગા માસીના ભાઈએ જ ઝવેલરીનો ધંધો આગળ વધારવાના બહાને વેપારી પાસેથી અંદાજે ૨૧૦ ગ્રામ જેટલું કિંમતી સોનું ઉછીનું મેળવ્યું હતું અને સમય થવા છતાં મોટો જથ્થો પરત ન આપીને છેતરપિંડી કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

કતારગામ સુમુલડેરી રોડ પર આવેલા 'શ્રીનિકેતન સોસાયટી'માં રહેતા જયસુખભાઈ સવજીભાઈ કોટડીયા (ઉ.વ. ૬૨) મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કુબડા ગામના વતની છે અને સુરત શહેરમાં ગટરલાઈનના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરી ગુજરાન ચલાવે છે. જાન્યુઆરી ૨૦૨૨માં તેમના માસીના દીકરા અને ભાગળ પાસે સોનાની જવેલરીનું જોબવર્ક કરતા ગોરધનભાઈ નાથાભાઈ સંઘાણીએ તેમને ધંધો આગળ વધારવા માટે સોનું આપવા કહ્યું હતું. જયસુખભાઈએ પોતાની દીકરી જવનિકાના લગ્ન માટે સોનું સાચવી રાખ્યું હોવાનું જણાવતા ગોરધનભાઈએ વિશ્વાસ આપ્યો હતો કે તેમને થોડા સમય માટે જ સોનું જોઈએ છે, અને લગ્ન વખતે મજૂરી લીધા વગર જવેલરી બનાવી આપશે અથવા સોનાની લગડી પરત કરી દેશે. જેથી જયસુખભાઈએ વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ દરમિયાન ૨૦૯.૯૫૫ ગ્રામ સોનું માસીયાઈ ભાઈ ગોરધનભાઈને સોંપ્યું હતું. સોનું આપ્યા બાદ એક મહિના પછી જયસુખભાઈએ સોનું પરત માંગતા આરોપીએ વાયદા કર્યા હતા. ત્યારબાદ જૂન ૨૦૨૨ માં વધુ પઠાણી ઉઘરાણી કરતા આરોપીએ માત્ર ૫૦.૨૮૦ ગ્રામ સોનું પરત આપ્યું હતું અને બાકીનું સોનું પરત નહીં આપીને વાયદાઓ કરતાં રહી બાદમાં ફોન પણ ઉપાડવાનું બંધ કરી દેતાં અંતે જયસુખભાઈએ પોલીસ મથકનો આશરો લીધો હતો.કતારગામ પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

## વડીલોપાર્જિત જમીનના વિવાદમાં ભત્રીજાઓએ કાકાને ચપ્પુ માર્યું

### માન-મર્યાદા ન જાળવવાની ટકોર બાબતે ઉશ્કેરાયેલા બંને ભત્રીજાઓએ ઘા ઝીંકી લોહીલુહાણ કર્યા

સુરત : પાલનપુરમાં વડીલોપાર્જિત જમીનના હક્ક-હિસ્સાની અદાવતમાં ભત્રીજાઓએ કાકાને ચપ્પુના ઘા મારી દીધા હતા.

પાલનપુર જકાતનાકા ખાતે સંત તુકારામ સોસાયટી વિ-૦૨ માં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના મહારાજગંજ ગામના વતની અમિતાભ રામચન્દ્ર નિષાદ (ઉ.વ. ૩૫) સુરતમાં રહીને ફર્નિચરનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૨૨ ઓક્ટો.ના રોજ ઘરે સંત તુકારામ સોસાયટી ખાતે હતા ત્યારે તેમના મોટા ભાઈ પુષ્પરાજ ના દીકરાઓ વિનય અને વિકાસ પણ હાજર હતા, જેમની સાથે વડીલોપાર્જિત જમીનના હક્ક-હિસ્સા બાબતે અગાઉથી મનદુખ અને ઝઘડો ચાલી રહ્યો હતો. તે સમયે અમિતાભભાઈએ ભત્રીજાઓ વડીલોની માન-મર્યાદા ન જાળવતા હોવાની અને અવારનવાર ઝઘડો કરતા હોવાની વાત કરતા મામલો ગરમાયો હતો અને બોલાચાલી થઈ હતી. બાદમાં અમિતાભ બાઈક લઈને પાલનપુર નહેર પાસે આવેલા કપૂરભાઈની કરીયાણાની દુકાને સામાન લેવા માટે ગયા હતા. ત્યારે રાત્રે અગ્યારેક વાગ્યાના અરસામાં અચાનક જ બંને ભત્રીજાઓએ કત્યાં આવીને અમિતાભનેર ચપ્પુના ઘા મારી દીધા હતા. અને ધમકી આપીને ભાગી છૂટ્યા હતા. પોલીસે બંને ભત્રીજા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.